# જિલ્લામાં બાળમજૂરી નાબૂદી અભિયાન અન્વયે આઠ બાળકો મુકત કરાયા

## છેલ્લા એક વર્ષમાં ચાઈલ્ડ લેબર એકટ અન્વયે ૨૩ ઠેકાણે દરોડા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં બાળ મજુરી અટકાવવાની સુફીયાણી વાતો વચ્ચે પણ કોમર્શિયલ સ્થાનોએ છડે ચોક બાળમજૂરીના દશ્યો જોવા મળે છે. શાળાએ જવાની કુમળી વયે બાળકો પાયાનું શિક્ષણ મેળવવાના બદલે મજુરી કામે લાગી જતા હોવાની બાબત શિક્ષિત સમાજ માટે ઘેરી ચિંતાનો વિષય બની છે. કુમળા બાળકો પાસે વેઠીયું કરાવતા તત્ત્વો સામે કડક પગલા અપનાવવામાં આવે તેવો આક્રોશ પ્રબળ બન્યો છે. જિલ્લામાં બાળમજૂરીના દૂષણને ડામવા વર્ષ ૨૦૧૪માં વિવિધ ૨૩ ઠેકાણે રેડ કરવામાં આવી હતી. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે, આ રેડ દરમિયાન જિલ્લામાંથી ૮ બાળકોને બાળમજૂરીમાંથી મુકત કરાયા છે.





**અનુસૂતિ જાતિના છાત્રાલયોમાં ૨૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ**

જિલ્લામાં અનુસૂચિત જાતિના ૨ સરકારી છાત્રાલયો ચાલે છે.જયારે આ છાત્રાલયોમાં ૨૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યું હતું કે સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને રહેવા-જમવા ઉપરાંત રમતગમતના સાધનો બુક બેંક અને સામયિકો પણ વિના મુલ્યે પુરા પાડવામાં આવે છે.

**કલોલમાં મજૂર કાયદાઓના ભંગ કરતા ૩૯ એકમો સામે કાર્યવાહી**

કલોલ તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમિયાન મહીલા કામદારોને કામે રાખતા કુલ ૧૦૭ ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે આ એકમોની તપાસ દરમિયાન ૩૯ એકમોમાં મજુર કાયદાઓનો ભંગ કરવા અંગેની ગેરરીતી પકડાઈ હતી. કાયદાના ભંગ બદલ આ એકમો સામે ફોજદારી કેસો દાખલ કરવામાં આવ્યા છે જયારે મહિલા કામદારોના આરોગ્યની ચકાસણી વર્ષમાં એક થી બે વાર કરવામાં આવે છે.

**વિકસતી જાતિની ૨૮૫૫ કન્યાઓને સાયકલનું વિતરણ**

જિલ્લામાં વિકસતી જાતિની ૨૦૮૪ કન્યાઓને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા સાયકલનું વિતરણ કરવામાં આવ્યું છે.વિભાગના મંત્રીએ જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૪-૧૫માં સાયકલો મેળવવા માટે ૩૦૦૪ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૨૮૫૫ અરજીઓ મંજુર કરી ૨૦૮૪ કન્યાઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું છે.

**કલોલમાં અનુસૂચિત જાતિના ૩૯૮૪૨ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

છેલ્લા એક વર્ષમાં કલોલ તાલુકાના ૩૯,૮૪૨ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૫,૮૨,૯૮,૭૦૪ શિષ્યવૃત્તિ પેટે ચુકવવામાં આવી છે. કલોલના ધારાસભ્યએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવાની બાકી રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ૧૨મી એપ્રીલે મતદાર યાદી શુદ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

મતદાર યાદીમાં સુધારો કરવાના ઉમદા આશયથી ભારતના ચૂંટણી પંચ દ્વારા રાષ્ટ્રીય મતદાર યાદી શુધ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ (એનઈઆરપીએપી)નો આરંભ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત મતદાર ફોટો ઓળખકાર્ડના ડેટા સાથે આધાર કાર્ડના ડેટાને સાંકળવામાં આવશે, તેવું આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી રવિશંકરે પત્રકારો સાથેની બેઠકમાં જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી રવિશંકરે વધુમાં જણાવ્યું હતુ કે, આ કાર્યક્રમને સાર્થક બનાવવા માટે સમગ્ર જિલ્લામાં તા. ૧૨મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ મતદાન બુથ ખાતે આ કાર્યક્રમ યોજાનાર છે. તેમજ તા. ૧૫મી એપ્રિલ થી તા. ૧૫મી જૂન, ૨૦૧૫ દરમ્યાન આ કાર્યક્રમ અંતર્ગત બી.એલ.ઓ ઘરે ઘરે જઈ મતદારોની મુલાકાત લઈ જરૂરી વિગતો મેળવશે. આ ઝુંબેશ દરમ્યાન મતદારોના મતદાર ફોટો ઓળખકાર્ડમાં

● અનુસંધાન પાન-૭ પર





વાતાવરણ બદલાવ - છેલ્લા પાંચ દિવસમાં વાતાવરણમાં પાંચથી વધુ વખત બદલાવ વર્તાયો... ક્યારેક ઠંડી, તો ક્યારેક ગરમી, ક્યારેક ઘેરાયેલા વાદળો તો ક્યારેક વરસાદી માહોલ... વારંવાર બદલાતા વાતાવરણને પગલે રોગચાળાનો ભય ઉભો થાય છે... (તસવીર : દિપક જાની)

# પાંચ વર્ષમાં જિલ્લાના ૭૧૯ વ્યક્તિઓએ આપઘાત કર્યો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય આખાનો વહીવટ અને સંચાલન જ્યાંથી થાય છે અને સરકાર જ્યાં બેસે છે તે ગાંધીનગરમાં દર વર્ષે એવરેજ ૧૫૦ વ્યક્તિઓ કોઈને કોઈ કારણોસર આપઘાત કરી પોતાની જીંદગી ટુંકાવી દે છે. છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૭૧૯ વ્યક્તિઓએ આપઘાત કર્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૦૮ થી ૨૦૧૩ દરમ્યાન પાંચ વર્ષમાં ૭૧૯ વ્યક્તિઓએ આપઘાત કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. વિધાનસભામાં આપઘાત સંદર્ભે પુછાયેલા પ્રશ્નના આ ચોંકાવનારી બાબતો બહાર આવવા પામી છે. જ્યારે આપઘાતના પ્રયાસના ૨૨ બનાવો પોલીસ ચોપડે નોંધાવા પામ્યા છે. વર્ષ-૨૦૦૮-૦૯માં ૧૫૨, વર્ષ-૨૦૦૯-૧૦ માં ૧૫૫, વર્ષ ૨૦૧૦-૧૧ માં ૧૫૭, વર્ષ-૨૦૧૧-૧૨ માં ૧૧૭ અને વર્ષ-૨૦૧૨-૧૩માં ૧૪૮ વ્યક્તિઓએ આપઘાત કર્યો છે. તે ઉપરાંત વર્ષ-૨૦૦૮-૦૯માં ૧૫, વર્ષ-૨૦૦૯-૧૦માં ૩, વર્ષ-૨૦૧૦-૧૧માં ૩, વર્ષ-૨૦૧૧-૧૨માં માત્ર ૧ આપઘાતના પ્રયાસો ગાંધીનગર જિલ્લામાં થવા પામ્યા છે. જ્યારે વર્ષ-૨૦૧૨-૧૩માં એક પણ આપઘાતનો પ્રયાસ બનવા પામ્યો નથી. ગાંધીનગર જિલ્લામાં બનેલા આપઘાતના આંકડા ચિંતાજનક બન્યા છે.

# આધારકાર્ડની ધીમી કામગીરી માટે એજન્સીને નોટીસ આપી છે : કલેક્ટર

## વધુ કીટો ફાળવવા અને કેમ્પ મોડમાં કામગીરી કરવા માટે તંત્ર સજ્જ છે : રવિશંકર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આધારકાર્ડ માટેની કીટ ઓછી જરૂર છે અને ધીમી કામગીરી અંગે એજન્સીને નોટીસ પણ આપવામાં આવી છે તેમ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે જણાવ્યું હતું.

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં ૮ લાખ ૩૩ હજાર જેટલી કીટો ઉપલબ્ધ છે. જિલ્લાની વસ્તીના પ્રમાણમાં ૬૭ ટકા જેટલી કામગીરી થઈ છે.

તેમણે જણાવ્યુ હતુ કે વધુ કીટો

● અનુસંધાન પાન-૭ પર

# વર્ગખંડો ઉતારી લેવા માટેની સત્તા જિલ્લા વિકાસ અધિકારીને સોંપી

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યની જુદી જુદી પ્રાથમિક શાળાઓમાં ૧૧,૨૬૮ મકાનો અને વર્ગખંડો ખુબજ જર્જરિત અને ભયજનક હાલતમાં આવી જવાથી તે બિન ઉપયોગી બનતાં તેને ઉતારી લેવાની સત્તા જે જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તક હતી તે પરત લઈ સરકારે આ સત્તા જિલ્લા વિકાસ અધિકારી હસ્તક મુકી છે.

રાજ્યના શિક્ષણ વિભાગે ગત સપ્તાહે આ અંગેના વિધિવત્ હુકમો કરી દીધા છે. રાજ્ય સરકારે આ હુકમો કરતાં જણાવ્યું છે કે વર્ગખંડો

● અનુસંધાન પાન-૭ પર










## બેસણું

મારા ધર્મપત્ની **અ.સૌ. વિણાબેન પ્રવિણચંદ્ર પારેખ** તા. ૯/૩/૨૦૧૫ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૨/૩/૧૫ને ગુરૂવાર સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

(લૌકિક વ્યવહાર બંધ છે.)

સ્થળ : ઉર્જાનગર સોસાયટી વિભાગ-૧ કોમન પ્લોટ, સીટી પલ્સ થિયેટરની બાજુમાં, જોગણી માતાના મંદિર સામે, ગામ-રાંદેસણ, ગાંધીનગર

લિ.

**રાજેશ પ્રવિણચંદ્ર પારેખ** | **પ્રવિણચંદ્ર ગોવિંદલાલ પારેખ**

**રૂપલબેન રાજેશકુમાર રાજપરા** | **અંબરીષ પ્રવિણચંદ્ર પારેખ**


# ૧૯ યુવાનોને વિદેશમાં જવા માટે લોન સહાય

ગાંધીનગર, તા.૧૦

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ આજે વિધાનસભામાં જણાવ્યું કે, વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના ૨૭ વિદ્યાર્થીઓ દ્વારા ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવા માટે લોન માટેની અરજી કરવામાં આળી હતી અને આ અરજીઓ પૈકી ૧૯ અરજી મંજુર કરવામાં આવી હતી.







# ગૌ સેવા-ગૌચર વિકાસ બોર્ડની અદ્યતન વેબસાઈટ

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડની અદ્યતન વેબસાઈટનું લોન્ચિંગ કર્યું હતું. આ વેબસાઈટ પૂર્ણતઃ યુઝર્સ ફ્રેન્ડલી અને બોર્ડની પ્રવૃત્તિઓ-યોજનાઓ તથા પ્રોજેક્ટ્સની વિગતો આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવશે. આનંદીબેને આ વેબસાઈટના માધ્યમથી ગૌ વિજ્ઞાન સંબંધિત માહિતી, સંશોધનો તેમજ ગૌ શાળાઓની જિલ્લાવાર વિગતો કોમ્પ્યુટર ટેકનોલોજીના માધ્યમથી લાભાર્થીઓને સરળતાએ ઉપલબ્ધ કરાવવા માટે અભિનંદન પાઠવ્યા હતા. આ વેબસાઈટની લિન્ક ફેસબુક, ટ્વિટર અને બ્લોગ જેવા સોશિયલ મિડિયા માધ્યમો પર પણ આપવામાં આવી છે. વેબસાઈટ લોન્ચિંગ વેળાએ ગૌસંવર્ધન મંત્રી તારાચંદ છેડા, ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથિરીયા, સંસદીય સચિવ વાસણભાઈ આહિર ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતની રોજગારી પૈકી ૭૮ ટકા ગુજરાતમાં છે

ગાંધીનગર, તા.૧૦

રોજગારી આપવાના મામલામાં ગુજરાત દેશમાં સૌથી આગળ રહ્યું છે. આંકડા આ અંગેની માહિતી આપે છે. આજે શ્રમ અને રોજગાર મંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ગુજરાત વિધાનસભામાં વિસાવદરના ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાના એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં ૩૪૮૫૦૦ની રોજગારી તકો ઉભી થઈ હતી, તેમાંથી ૨૩૧૯૦૦ એટલે કે ૭૮ ટકા રોજગારીની તકો માત્ર ગુજરાતમાં જ નિર્માણ થઈ છે. આ રોજગારીની તકોમાંથી મહિલાઓને ૭૫ ટકા, અનુસૂચિત જાતિને ૬૪ ટકા, અનુસૂચિત જનજાતિને ૭૯ ટકા રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે.


## રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન

(ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)

પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર

૭મો માળ, એમ.એસ. બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧

ફોન: ૦૭૯-૨૩૨૨૦૪૧૦, મોબાઈલ: ૮૭૩૩૦૨૩૫૬૫, ફેક્સ: ૦૭૯-૨૩૨૨૦૪૧૧

વેબસાઇટ: www.niosgnr.org, ઇ-મેઇલ: rcgandhinagar@nios.ac.in

(સીબીએસઈ/સીઆઈએસસીઈ સમકક્ષ ભારત સરકારનું પરીક્ષા બોર્ડ)

વિદ્યાધનમ્ સર્વધનં પ્રધાનમ્

ધો.૮,૯,૧૦ નાપાસ, સર્ટીફિકેટ વગર ૧ વર્ષમાં સીધું ધોરણ ૧૦ પાસ કરો.

**ઓક્ટોબર ૨૦૧૫માં પરીક્ષા**

**પ્રવેશ મેળવવાની છેલ્લી તા.૧૫-૩-૨૦૧૫**

(લેટ ફી રૂા. ૭૦૦/- સાથે)

| પ્રવેશ યોગ્યતા | | |
|---|---|---|
| કોર્સ | ઉંમર (ઓછામાં ઓછી) | યોગ્યતા |
| ધોરણ ૧૦ | ૧૪ વર્ષ | કોઇપણ પ્રમાણપત્ર વગર |
| ધોરણ ૧૨ | ૧૫ વર્ષ | ધોરણ ૧૦ પાસ |

| કુલ એડમીશન ફી* | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ |
|---|---|---|
| પુરૂષ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| સ્ત્રી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| એસ.સી./ એસ.ટી. વગેરે | ૯૦૦ | ૯૭૫ |

*ઓનલાઈન અરજી માટે રૂા. ૩૦/- તથા ઓફલાઈન અરજી માટે રૂા. ૧૦૦/- અધિક ચૂકવવાના રહેશે. *૫ થી વધુ વિષય લેવા માટે વધારાની ફી આપવાની રહેશે.

**મુખ્ય વિશેષતાઓ :** મફત પુસ્તકો ● મફત વર્ગો ● પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય ● અભ્યાસ કેન્દ્ર પસંદ કરવાની સ્વતંત્રતા ● વિષયોની પસંદગી ● ક્રેડીટ સ્થળાંતર (પસંદગી પામેલા માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી બે વિષય સુધી પાસ અને એનઆઈઓએસમાંથી ચાર વિષય પાસ) ● ક્રેડીટ સંચય ● જ્યારે તમે ઇચ્છો ત્યારે અભ્યાસ અને પરીક્ષા ● વિદ્યાર્થી ગુજરાતી સહિત ભારતની તમામ ભાષાઓમાં પરીક્ષા આપી શકશે.

**વધુ માહિતી તથા પ્રવેશ માટે અમારા નીચે દર્શાવેલ નજીકના એનઆઈઓએસનાં કેન્દ્ર અથવા વેબસાઈટની મુલાકાત લો.**

**અમદાવાદ :** નવરંગપુરા-૯૪૨૭૩૧૨૩૬૮, મિર્ઝાપુર-૦૭૯-૨૫૫૦૭૦૮૬, ૯૪૨૬૩૨૬૩૪૪, ૯૪૨૪૪૨૧૩૬૪, વાડજ-૦૭૯-૨૭૬૪૪૪૮૬, મણીનગર-૮૦૦૦૨૫૮૭૨૭, બાપુનગર-૯૯૨૪૫૦૫૩૫૩, રખિયાલ-૯૮૯૮૧૦૭૮૧૨, આશ્રમ રોડ-૯૯૦૯૯૨૫૮૯૩, એલિસબ્રિજ-૦૭૯-૨૬૫૭૭૧૧૫, ૨૬૫૮૦૪૭૪૨, સાબરમતી-૯૪૦૯૪૦૭૦૬૪, ધોળકા-૯૪૨૯૦૧૯૦૦૫, ૯૪૨૬૮૭૩૩૮૬, **ખેડા :** ૯૮૨૫૧૮૭૦૦૫, **આણંદ :** ૦૨૬૯૬-૨૮૬૬૧૬, ૯૮૨૪૨૫૯૨૦૨, ૯૪૨૬૦૪૩૬૪૧, ૯૯૭૯૯૭૯૦૭૦, **અમરેલી :** ૯૯૦૯૯૧૦૯૭૭, **બનાસકાંઠા :** ૦૨૭૪૨-૨૨૨૨૨૦, **ભરૂચ :** ૯૯૨૫૮૯૭૫૪૮, ૦૨૬૪૬૨૫૨૪૦૦, ૯૨૨૭૭૮૦૫૩૦, **ભાવનગર :** ૭૭૭૭૯૪૯૩૯૨, ૯૪૨૬૨૫૬૦૬૪, ૯૩૭૭૭૭૬૫૬૬, ૯૯૨૫૭૨૫૦૦૯, ૯૩૨૮૦૯૦૭૦૦, **જામનગર :** ૯૯૭૯૩૮૯૪૭૩, ૦૨૮૯૨-૨૬૨૧૫૮, ૯૪૨૭૭૭૪૪૫૪, **કચ્છ :** ૯૯૧૩૦૫૬૮૮૮, ૯૮૭૯૧૫૯૭૫૫, ૦૨૮૩૮-૨૮૭૨૭૧, ૯૮૭૯૨૦૩૫૮૬, ૦૨૮૩૬-૨૨૦૬૫૭, **ગાંધીનગર :** ૯૮૨૪૦૧૨૦૮૯, ૯૧૭૩૧૯૮૧૮૧, ૦૨૭૬૪-૨૪૮૦૦૫, **ગીર-સોમનાથ :** ૯૮૭૯૪૨૫૨૭૪, ૯૪૨૮૨૧૪૨૭૭, **ડાંગ :** ૯૪૨૬૬૭૦૭૪૦, **દાહોદ :** ૯૭૩૭૯૪૦૪૨૪, ૯૭૨૬૮૭૦૯૦૬, ૯૫૭૪૪૮૯૪૦૮, ૭૮૭૪૮૦૮૦૭૩, ૯૭૧૨૩૬૫૧૩૩, **મહેસાણા :** ૦૨૭૬૩-૨૨૨૬૧૨, ૯૮૨૫૩૨૨૬૧૨, **કડી :** ૮૭૩૫૯૬૩૪૧૨, **પંચમહાલ :** ૦૨૬૭૫ ૨૩૭૫૨૮, ૯૯૨૪૫૮૭૦૯૮, ૯૭૨૬૦૧૬૬૬૦, **પાટણ :** ૦૨૭૬૬-૨૨૧૮૯૪, ૯૪૨૮૭૫૩૩૧૦, ૦૨૭૬૬-૨૮૭૬૨૪, ૯૯૦૯૯૨૬૫૯૧, **સાબરકાંઠા :** ૯૪૨૮૨૨૧૧૧૩, **સુરત :** ૦૨૬૧-૨૮૪૦૬૫૯, ૯૮૨૪૧૩૫૬૪૩, ૦૨૬૧-૨૭૮૪૩૯૪, ૦૨૬૧-૨૨૭૨૭૮૧, ૯૮૯૮૦૪૫૯૫૫, ૦૨૬૨૨-૨૬૩૨૦૬, ૯૭૨૭૭૩૨૯૨૬, ૯૩૭૪૬૩૩૦૪૨, ૮૩૦૬૦૫૭૦૦૬, ૯૭૧૨૦૬૭૫૩૬, ૯૯૨૫૨૮૧૩૮૦, ૯૪૨૭૫૭૫૭૫૯, **નવસારી :** ૦૨૬૩૭-૨૨૯૨૧૩, ૯૦૯૯૫૧૫૯૫૮, **પોરબંદર :** ૦૨૮૬-૨૨૪૬૫૦૨, ૯૮૭૯૪૯૨૧૩૩, **રાજકોટ :** ૯૪૨૭૨૫૫૦૮૭, ૦૨૮૧-૬૫૫૬૪૬૪, ૯૯૦૯૯૦૦૫૬૯, **ગોંડલ :** ૮૪૦૧૮૧૮૧૮૧, **સુરેન્દ્રનગર :** ૦૨૭૫૨-૨૨૫૬૪૭, ૦૨૭૫૪-૨૮૨૯૩૧, ૯૫૬૧૭૭૩૮૨૩, ૦૨૭૫૨-૨૯૦૩૩૯, ૮૮૬૬૧૬૦૮૬૬, **વડોદરા :** ૦૨૬૫-૨૬૮૦૦૬૮, ૦૨૬૫-૨૬૫૫૪૫૫, ૯૮૨૫૭૯૭૫૯૫, ૭૮૨૦૦૪૮૪૮૪, **વલસાડ :** ૯૨૨૭૮૫૯૨૨૨, ૯૪૨૬૮૮૧૧૧૪, ૦૨૬૦-૨૯૯૦૩૬૨, ૯૦૯૯૦૧૨૬૪૩, **જુનાગઢ :** ૮૨૩૮૬૪૫૮૦૫, ૭૭૭૭૯૭૪૬૬૧, ૯૯૨૪૨૩૬૬૦૦, ૯૮૨૫૨૩૦૧૩૨, **મહીસાગર :** ૯૪૨૭૧૮૬૦૩૩, **દ્વારકા :** ૯૯૦૯૬૩૦૩૩૦

વિદ્યાર્થી NIOSની વેબસાઈટ www.nios.ac.in પરથી 24x7 પ્રવેશ મેળવી શકે છે. પ્રવેશ પહેલા માહિતી પુસ્તિકા જરૂરથી વાંચો. (મૂલ્ય રૂા. ૫૦/-)

**અનઅધિકૃત સંસ્થા તથા એજન્ટ દ્વારા પ્રવેશ મેળવશો નહિં.**

ઓનલાઈન પ્રવેશ, વિષય, ફી, યોગ્યતા, એનઆઈઓએસ અભ્યાસ કેન્દ્ર, માહિતી પુસ્તિકા અને અરજીપત્રક વગેરે અંગે વધુ માહિતી માટે અમારા ક્ષેત્રીય કેન્દ્રની વેબસાઈટ ની મુલાકાત લો અથવા ઇ-મેઇલ અથવા ફોનથી સંપર્ક કરો. આપ એનઆઈઓએસ વેબસાઈટ: www.nios.ac.in ની મુલાકાત લઈ શકો છો અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૧૮૦-૯૩૯૩ પર સંપર્ક કરો.

**નામાંકીત શાળાઓ/સંસ્થાઓ એનઆઇઓએસના અભ્યાસ કેન્દ્ર/સુવિધા કેન્દ્ર બનવા માટે આવકાર્ય છે.**

**વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલયી શિક્ષણ પ્રણાલી !!**



C. PVC, UPVC

BENELAVE BATH FITTINGS

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK 500 TMT BARS - ISI

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**

# જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com